# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૫૦ • તા. ૨૨ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.





# શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામ એ સ્વમાન લગ્નનું આયોજન કર્યું

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# સર્વથા ત્યાગને લાયક અહંકાર

દરેક વ્યક્તિ વધતે ઓછે અહંકારથી પીડાતો હોય છે. કોઈને ધનનો, કોઈને તનનું, કોઈને પદનું, કોઈને પ્રતિષ્ઠાનું, કોઈને પરિવારનું-પૂર્વજોના નામ-કામનું અભિમાન હોય છે. આપણે અન્યથી ચડિયાતા માનીએ એટલે અહંકારનું બીજ વવાઈ જાય. જો એની પ્રત્યે લક્ષ ન અપાયતો તે વધુને વધુ ઊંચે ચડી જાય છે. પછી એનું ટ્રીમીંગ કરવું, કાપવું કે જડમૂળથી નાશ કરવું મુશ્કેલ ભર્યુ થાય છે. જ્ઞાનનો અને ત્યાગનો પણ માણસને અહંકાર હોય છે. ધનવાનોને પ્રાપ્ત થયાનો અહંકાર છે. તો ત્યાગીને છોડ્યાનો અહંકાર રહે છે. અહંકાર તો છેવટે માણસનું પતન કરે છે. તેનું અસ્તકાળ સર્જે છે.

અહંકારી વ્યક્તિ કોઈના આગળ નીકળી જવાથી, કોઈ એનું કહ્યું ન માનવાથી કોઈ એને સરખા માનપાન ન આપયા એનો ક્રોધ શિરે ચડી બોલે છે. અને મોઢાથી કડવા વહેણ નીસરી જાય છે. અયોગ્ય વર્તાવ થઈ જાય છે. આ માત્ર માણસના અહંકારથી થાય છે. જેટલો અહંકાર વધે છે એટલાં સુખચેન અને શાંતિ હણાઈ જાય છે. સજ્જન પણ શેતાન બની જાય છે.

હું કંઈક છું. હું બધાથી ચડિયાતો છું એ ભાવનાની લાલચ પણ અહંમ પદની અસર છે.. કોઈ આપણને સતત માન પાન આપે, સારો આદર સત્કાર આપે. ધન-પદ-સતા પ્રતિષ્ઠાના વાઘા પહેરાવે, ઊંચા આસને બેસાડે એવો ખ્યાલ કરનારે એટલું યાદ રાખવું જોઈએ કે ઊંચા-માન-પાન મળે એ સ્વાર્થ વગર ભય વગર મળવા જોઈએ. પરાણે પ્રીત આપે એવા ન હોવા જોઈએ સ્વાર્થનો સંબંધ ક્ષણિક જેવો હોય છે. સ્વાર્થ પૂરો થઈ ગયા પછી સમીપ રહેતા સગાંઓ પણ આઘે આઘે સરી જાય છે કે ક્યાંય નજરે ચડતા નથી.

સારા સમયનું થતું અભિમાન ખરાબ સમય આવે ત્યારે જીવવું આકરું કરે છે. સમય ગમે એવો ઊંચો નીચો હોય. સૌ સાથે સારપથી વર્તીએ, સ્નેહ, સૌહાર્દપૂર્વક હળીએ મળીએ અને સૌની સાથે ભળીએ તો કપરા સમયમાં પણ આપણે હળવા ફૂલ રહી શકીએ છીએ. સૌના આદર પાત્ર બની. માનપાન આસાનીથી પામી શકીએ છીએ.

માણસ બધુ ત્યાગી દે, છોડી દે, સાધુ-સંન્યાસી થઈ જાય તો પણ મનમાં સૂક્ષ્મ સજીવ રહેલો અહંકાર જીવતો રહે છે. મારો સંપ્રદાય શ્રેષ્ઠ, મારા શિષ્યો ઉચ્ચપ્રકારના, મારો મઠ ઉતમ, મારો વાણી પ્રવાહ, મારો બોધ, ઉપદેશ સરળ અને સમજવા લાયક. આ લાગણી ભાવ એ પણ ગુમાનનું સર્જન કરે છે. ત્યાગ માત્ર બતાવવાથી તેનો અંચળો ઓઢી લેવાથી હેમ ખેમ નથી રહી શકાતું. અસલી ચહેરો વર્તન, વાણીથી ક્યારેક તો બહાર પ્રગટી ઉઠે છે. આ કૃત્રિમતા બહાર ખૂલ્લી પડી જાય છે. ત્યારે આપણે કોઈને મોઢું બતાવવાને લાયક રહેતા નથી. આ જ સચ્ચાઈ છે. આ જ જીવનની શિખામણ છે. એટલે જ સંત કબીર લખી ગયા છે કે

લેને કો સંતનામ, દેને કો અન્નદાન,
તરને કો હૈ દીનતા, ડુબને કો અભિમાન

માટે નમ્રતા રાખીશું તરી જઈશું તો ગર્વ, ગુમાન ને અભિમાનથી ક્યારે કને ક્યારેક ડૂબવાનું છે.

– જય જ્ઞાતિમૈયા

# મિત્ર આપે છે આપણા સ્વભાવ સંસ્કારનું ચિત્ર

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

અંગ્રેજીમાં ઉક્તિ છે Tell me who are his friend and I will tell you which type of man he is અર્થાત કોઈ મને કહો કે તેના મિત્ર કોણ છે તો હું તમને જણાવીશ કે તે વ્યક્તિ કેવી છે. કોઈપણ વ્યક્તિના ગુણદોષ તેના મિત્રની સંગતના આધારે અનુમાન કરી શકાય છે. જેવી રીતે ગુજરાતીમાં કહેવાયું છે ‘સંગ તેવો રંગ’ અને ‘સોબત તેવી અસર’ જીવનમાં મિત્રો જરૂરી છે એ ખરું છે. તેથી વધારે તેને પૂરેપૂરું ઓળખવું જરૂરી છે. મિત્રએ બીજા મિત્રની સફળતાનું કારણ બની શકે છે તો એ જ મિત્ર નિષ્ફળતાનું કારણ પણ બની શકે છે. એક મિત્ર બીજા મિત્રથી ભિન્ન હોય છે. મિત્રો સહેલાઈથી મળી જાય છે પણ સારો અને સાચો મિત્ર મળવો ઘણો મુશ્કેલ છે.

જીવનમાં એક મિત્ર શ્રી કૃષ્ણ જેવો હોવો જોઈએ. જે આપણા વતી યુધ્ધ ભલે ન કરે, પણ આપણને સાચું માર્ગદર્શન તો જરૂર આપે સારા સંસ્કાર વિચાર કોઈ મોલમાંથી નથી મળતા પણ મિત્રોના સંપર્કથી સંસર્ગથી મળે છે. બધી કેળવણીમાં મોટી હોય તો ચારિત્ર્યની કેળવણી છે. સંપત્તિ હોય એટલે સંસ્કાર આવી જાય એવું નથી. સંપત્તિ છેતરીને લઈ શકાય. કોઈની પાસેથી છીનવી ન લઈ શકાય પણ સંસ્કાર અને સદગુણ છેતરીને છીનવીને મેળવી શકાતા નથી. કોઈ મહાત્માને, ગુરૂને પગે લાગવું સહેલું છે પણ એ મહાત્મા, ગુરૂઓને પગલે પગલે ચાલવું કઠિન છે. કોઈ વ્યક્તિના સંસ્કારની ઊંચાઈ માપવાની ત્રણ રીત છે. હૃદયની મધુરતા, ઉદારતા અને વિનમ્રતા. જે રસ્તે જતાં કપડાં બગડે છે એ રસ્તે જવાનું આપણે ટાળીએ છીએ પણ જે રસ્તે જવાથી આપણું મન બગડે તે રસ્તે જવાનું કેમ ટાળતા નથી. વરસાદ ન પડે કે ઓછો પડે તો એક વર્ષ દુષ્કાળ હોય છે જ્યારે સંસ્કારનો દુષ્કાળ તો આખી પેઢીને અસર કરે છે. ઘડિયાળની ટીકટીક આપણને સમય બતાવે છે. પરંતુ સંતોની ટોકટોક તો આપણને જીવનનો રાહ બતાવે છે. માણસ ભણ્યો કેટલું તે સર્ટિફિકેટ ઉપરથી ખબર પડે છે. પણ સમજણો અને સંસ્કારી કેટલો થયો તે જ્યારે ભાઈઓ ના ભાગ પડે ત્યારે જ ખબર પડે.

ઉપર આપેલ સંસ્કાર અને સદ્‌ગુણ સાચા મિત્રના સંગથી આપણામાં આવે છે. મિત્ર જ એક એવો છે જે આપણને સાચો મારગ દર્શાવે છે. તે મારગ પર ચાલવા સંગત આપે છે. આપણી ભૂલ થતી હોય તો જાહેરમાં કહેવાને બદલે છાની રીતે આપણું ધ્યાન દોરે એ સાચો મિત્ર સાચા મિત્રનું જીવનમાં ઘણું મહત્વ છે. મિત્ર વગરનો માણસ એટલે તારા વિહીન આકાશ અને પક્ષી વિહીન ઉપવન જેવો બેરંગી હોય છે. સાચી મિત્રતા થકી આનંદમાં ગુણાકાર અને મુશ્કેલીઓની બાદબાકી થાય છે. બીજા દરેક સંબંધો ઓછા વતે આપણું શોષણ કરે છે જ્યારે મૈત્રી સંબંધ એક એવો સંબંધ છે જે આપણું પોષણ કરે છે. સાચી મિત્રતામાં એક મિત્રનો સાદ થાય કે ત્યાં પ્રતિસાદ તત્કાળ પહોંચે છે.

સફળ વ્યક્તિને સૌથી વધુ જરૂર સાચા સખાની હોય છે. સફળતાના ટોચે પહોંચ્યા પછી દરેકે દરેક આપણી આસપાસ પહોંચવા દોટ કાઢે છે. ત્યારે એ સમયે આરસી બતાવી શકે એવો મિત્ર પડખે હોવો જરૂરી છે. જેથી સ્વાર્થીઓએ કરેલી ભીડમાં આપણે એકલા ન પડી જઈએ.

મિત્ર માટે એવું કહી શકીએ કે ઈશ્વર જેમને લોહીના સંબંધથી જોડવાનું ચૂકી ગયો હોય છે. તેઓને આપણા જીવનમાં મિત્ર તરીકે મોકલીને સાટું વાળી દે છે. એટલે જ મિત્ર આપણા સ્વભાવ, સંસ્કારના ચિત્ર જેવો છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

COMMERCIAL VEHICLE LOAN

SOLAR LOAN

***7.49%** (p.a.)

***8.49%** (p.a.)

GOLD LOAN

LOAN AGAINST PROPERTY

TRADE LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામ એ સ્વમાન લગ્નનું આયોજન કર્યું

















મહાવદ પંચમી સોમવાર વિક્રમ સવંત ૨૦૮૧ સોમવાર, તા.૧૭ ફેબ્રુઆરીના શુભ દિને, ગાંધીધામ નગરે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ગાંધીધામના નેજા હેઠળ ભવ્ય **દ્વિતીય સ્વમાન લગ્નોત્સવ**નો આયોજન કરવામાં આવેલ

જેમાં શ્રીમતી કવિતાબેન દિલીપભાઈ પ્રેમચંદ મોમાયા જખૌ-ગાંધીધામના સુપુત્ર ચિ. મોનીલ અને શ્રીમતી રંજનબેન ગજેન્દ્રભાઈ વોરા દુધઈ-અંજાર વાળાની સુપુત્રી ચિ. પ્રેક્ષા સાથે ધામધૂમથી ઉજવવામાં આવ્યું.

# શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામ એ સ્વમાન લગ્નનું આયોજન કર્યું




મહોત્સવની શુભ શરૂઆત કન્યાપક્ષના સ્વાગતથી વાજતે-ગાજતે કરવામાં આવી. કન્યાપક્ષે માંડવા રોપણ કરી, જાનનો સત્કાર કળશથી કર્યો. લીલા તોરણે વરવધુ એ વરમાળા પરસ્પર આરોપણ કરી, સાસુમા એ વરરાજાને પોખી, જાનને આવકારી. સર્વે જાનૈયા-માનૈયાનો સ્વાગત ઠંડા-પીણાં અને ગરમાગરમ નાસ્તાથી કરવામાં આવ્યું બરોબર ૧૨.૪૧ ના શુભ મુહર્તે હસ્ત મેળાપ શ્રી મયુર વ્યાસે કરવી લગ્નના માયરામાં લગ્ન વિધિ કરાવી. આ દરમ્યાન મધુર લગ્ન ગીતોની સૂરાવલી શ્રીમતી નીતાબેન ખુશાલ દંડ, શ્રીમતી જલ્પાબેન ગીતેન ધરમશી, શ્રીમતી મનીષાબેન લહેરચંદ લાપશીયા રેલાવી અને ઢોલ પર ક્રીશ દિપેશ મૈશેરી જમાવટ કરી હતી. સુમધુર ભોજનની વ્યવસ્થા પ્રતિક કેટરિંગના શ્રી પ્રતિકભાઈ સંભાળી હતી. ફોટોગ્રાફી શ્રી ઋષભભાઈ નાગડા દ્વારા કરવા આવી હતી. મહાજન દ્વારા નવદંપતિને લગ્ન પ્રસંગે પ્રતિક ભેટ આપી શુભેચ્છા વ્યકત કરવામાં આવી. લગ્ન ગીતો ગાનારી બહેનોને અને ઢોલીને મહાજન દ્વારા સન્માનવામાં આવેલ. શ્રી ભુપેન્દ્રભાઈ લોડાયા અને શ્રી અરવિંદભાઈ લોડાયા દ્વારા શુભેચ્છા અને અભિપ્રાય વ્યકત કરવામાં આવેલ. સાંજે ૪.૦૦ વાગે વિદાયની રસમ પુરી કરી મહોત્સવની સમાપ્તિ કરવામાં આવી. સમગ્ર મહોત્સવની વ્યવસ્થા મહાજનના કારોબારી સભ્યોઓ લહેરચંદભાઈ, નિરંજનભાઈ, મહેશભાઈ, અનિલભાઈ વસ્તુપાળભાઈ, ગીતેનભાઈ, જેસલભાઈ અને અન્ય સભ્યો એ સંભાળી હતી.


આ લગ્ન મહોત્સવની વિશેષતા એ છે કે આ દોડભાગના વ્યસ્ત સમયમાં વર-વધુ બંને પક્ષે વાડી, મંડપ, મહારાજ, ગીત-સંગીત, જમણવાર જેમાં ૨૫૦ વ્યક્તિઓ માટે વ્યવસ્થા કરવામાં આવેલ. એટલીજ સંખ્યામાં બેઠક વ્યવસ્થા મંડપમાં રાખવામાં આવેલ, અન્ય આનુસંગિક વ્યવસ્થાઓનો કોઈપણ જાતનો ભાર કે પળોજણ કરવાની રહેતી નથી. સમગ્ર વ્યવસ્થા મહાજન સંભાળેલ હતી.

સૌથી વિશેષતા એ છે કે લગ્ન તારીખ તમારી ઈચ્છા મુજબની હોય છે. જેના માટે તેમણે મહાજનને જાણ કરવાની હોય છે. આ સમગ્ર મહોત્સવ રૂપિયા **પંચોતેર-પંચોતેર હજાર** બંને પક્ષે આપવાનાં રહે છે અને સમગ્ર જવાબદારી મહાજન સંભાળે છે.

''તો આવો વધુમાં વધુ જ્ઞાતિજનોને પ્રેરણા કરીએ, કારમી મોંઘવારી થી બચાવીએ, જ્ઞાતિની સમૃદ્ધિને વેડફાવાથી બચાવીએ''

**સર્વે જન્યે હિતાય સર્વે જન્યે સુખાય. જય જ્ઞાતિમૈયા**

# સંજીવની કેસ નં. ૧૭૩ માટે જરૂરી ભંડોળ રૂા.૨.૮૬ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ સ્થિગત કરાયું




લાલા હાલે ડોંબિવલીના ૬૦ વર્ષીય વસંત રાયચંદ મોતા માયકસેડેમા હાઈપોથાઈસેડિઝમ અને શ્વસનની તકલીફ વધી જવાને કારણે ઈમરજન્સી કેસ તરીકે હોસ્પિટલાઈઝ કરવા પડ્યાં. તેમનું TSHનું સ્તર 200 mg/dl જેટલું ઉચ્ચ સ્તરે પહોંચી ગયું હતું. તેઓ શારીરિક રીતે અક્ષમ છે. બે વર્ષ અગાઉ હાથી પગાના રોગથી ઘા રૂઝાતા ન હોવાને કારણે જમણા પગનો નીચેનો હિસ્સો વિચ્છેદિત કરવો પડ્યો હતો. વસંતભાઈ મોતા ૨ વર્ષથી કામ કરતાં નથી. પત્ની રસોઈનું કામકાજ કરે છે. એકમાત્ર પુત્રી ઘરની કમાવતી મેમ્બર છે જે લઘુતમ વેતનની નોકરી કરે છે. સારવાર માટે હોસ્પિટલ તરફથી અંદાજે રૂા.૨.૮૬ લાખનો અંદાજિત ખર્ચ અપાયેલ. મોતા પરિવારની નથી કોઈ બચત કે નથી વીમાનો પીઠબળ. આ વિકટ પરિસ્થિતિ ઉગારો થાય એ માટે તેઓ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં મદદ મળે એ માટે અરજી કરી. જે માટે ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું. જણાવતા ખુશી થાય છે કે આજ સુધીના ૧૭૨ અરજી કેસો સમયસર અને સુયોગ્ય પણે ઉકેલાઈ શકાય છે તે પ્રમાણે મોતા પરિવારના પણ અરજી ક્રાઉડ ફંડિગ શરૂ કરવાના બીજા જ દિવસે ભંડોળની જરૂરિયાત પૂરી થઈ જતાં ક્રાઉડ ફંડિગ સ્થિગત કરાયું છે. આ મદદની અપીલનો સાનુકુળ પ્રતિસાદ સમયસર આપનાર સૌ ઉદારદિલજનોનો આભાર અને સૌની ભૂરી ભૂરી અનુમોદના.

# શ્રી કેડીઓ જૈન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ હુબલી કેમ્પ સૌએ આ સેવા કાર્ય માટે સંતોષ કર્યો હતો





શ્રી કેડીઓ જૈન એજ્યુકેશન દ્વારા રોટરી ક્લબ ઓફ હુબલી સાઉના સંયુક્ત આયોજન હેઠળ તા.૮ ફેબ્રુઆરી શનિવારે સવારે ૧૦ વાગે શ્રી કેડીઓ જૈન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ગંગાધર નગર હુબલી ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પ અને ફ્રી કેટરેક્ટ સર્જરી કેમ્પનું આયોજન કરાયું હતું. ચેકઅપ કેમ્પના અતિથિ વિશેષ તરીકે માઈક્રોફિનિશ ગ્રુપના તિલક વિકમશી, ડેપ્યુટી ડિરેક્ટર પબ્લિક સૂચના એચ.એસ.કેલાડીમઠ, સી.આર.પી,નાગનગૌડા, શ્રી કેડીઓ જૈન એજ્યુકેશન ટ્રસ્ટના પ્રેસિડન્ટ શરદ મોમાયા, સેક્રેટરી ક્લબ ઓફ હુબલી સાઉથના પ્રેસિડન્ટ ડૉ. જુગલ પટેલ, સીપીઆર ઝોનલ હેડ અઝિમ પ્રેમજી ફાઉન્ડેશનના સ્ટિર નવીન ઉપસ્થિત રહ્યાં હતાં.

કેમ્પમાં ૧૫ ડૉક્ટરો અને ૬ ટેકનિશિયનની ટીમ દરદીઓ અને વિદ્યાર્થીઓનું ચેકઅપ કર્યું હતં. આરોગ્ય શિબિરનો ૫૦૦ જેટલા જણએ લાભ લીધો હતો અને ૩૫ લોકોને મોતિયાબિંદુ હોવાનું નિદાન થયું હતું. જેઓ સર્જરી માટે હૉસ્પિટલમાં ભરતી થયા છે. સાંજે ૬ કલાકે કાર્યક્રમ પૂરો થયો હતો. કેમ્પમાં આવનારા સૌએ આ સેવા કાર્ય માટે સંતોષ વ્યક્ત કર્યો હતો. સર્જરીઓ કરવા બદલ શ્રી કેડીઓ જૈન એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા જય પ્રિયા હોસ્પિટલના સર્જન ડોક્ટરો અને સ્ટાફનું સન્માન કરાયું હતું. શ્રી કે.ડી.ઓ.જૈન એજ્યુકેશન ટ્રસ્ટ અને રોટરી ક્લબ ઓફ હુબલી સાઉથ દ્વારા ટ્રસ્ટની શાળામાં આયોજિત કરાયેલ ફ્રી હેલ્થ ચેકઅપ અને ફ્રી કેટરેક્ટ સર્જરી શિબિરને કારણે થયેલા ચમત્કારોના સૌ સાક્ષી બન્યા.

જયપ્રિયા હોસ્પિટલના ડૉ.વેંકટરામનકટ્ટી અને રોટરી ક્લબ ઓફ હુબલી સાઉથની ટીમના નિઃસ્વાર્થ ભયા પ્રયાસોથી આંશિક અંધત્વ ધરાવતા અસંખ્ય વ્યક્તિઓએ તેમની દ્રષ્ટિ પાછી મેળવી હતી.

એક સમયે જેમના ચહેરા પર અંધકાર છવાયેલો હતો ત્યાં આનંદ અને આશા પ્રસરેલ જોવા મળે છે. કૃતજ્ઞતાના આંસુ તેમની આંખોમાં તરવરે છે કારણે કે હવે તેઓ તેમની આસપાસની દુનિયાની સુંદરતાને તેઓ સ્પષ્ટ રીતે જોઈ શકે છે.

એક દાદાનું તેમના પૌત્રો સાથે પુનઃમિલન થતું જોયું તો એક માતા તેના બાળકના સ્મિતને જોઈને માણી શકે છે.

આ પ્રકારની શસ્ત્રક્રિયાઓ માત્ર એક તબીબી પ્રક્રિયા કરતાં વધુ અર્થ ધરાવતી હતી. સર્જરી કરવાનારા સૌએ ગૌરવ, સ્વતંત્રતા અને જીવનમાં નવી તાજગી અને ઉત્સાહ પુનઃસ્થાપિત કરી શક્યાં હતાં. શ્રી કેડીઓ જૈન એજ્યુકેશન ટ્રસ્ટ માનવીય સેવા અને લોકાના જીવનને સુધારવા માટે તેની અતૂટ પ્રતિબધ્ધતા જારી રાખશે.

**સંકલન : શાંતિલાલ લાલકા**





# જસાપર તીર્થે શ્રી આદિનાથ જિનાલયનો ૧૪૮ મો ધ્વજારોહણ મહોત્સવ ભવ્ય ઉત્સાહ સાથે સંપન્ન થયો







તા.૧૪ ફેબ્રુઆરી શુક્રવારના કચ્છના જસાપર નગર તીર્થે શ્રી આદિનાથ દાદા જિનાલયના ૧૪૮મા ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે પ.પૂ.મુનિશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં યુવા વિધિકાર ડૉ. હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સથવારે અઢાર અભિષેક શ્રી પાર્શ્વ પદમાવતી મહાપૂજન અને સત્તરભેદી પૂજાની ધર્મ આરાધનાઓ સહ ધ્વજારોહણ વિધાન ભવ્ય ઉત્સાહ ભાવ સાથે સંપન્ન થયો.

સંઘના શ્રાવક શ્રાવિકો ઉપસ્થિત રહી ધર્મ લાભ પામી ધન્ય થયાં હતાં.

## ભૂલ સુધાર

**જ્ઞાતિમૈયા સળંગ અંક ૩૪૭ તા.૧ ફેબ્રુઆરી થી તા.૭ ફેબ્રુઆરી અંકના પાના નં.૭** ઉપર શ્રી ક.દ.ઓ.જૈન મહાજન મુંબઈની ટર્મ વર્ષ ૨૦૨૫-૨૦૩૦ માટે નવા કારોબારી સભ્યોના શીર્ષક હેઠળ વરાયેલા નવા કારોબારી સભ્યોની નામાવલિ આપેલ છે.

જેમાં શરત ચૂકતી કો.ઓપ સભ્યો નામમાં **શ્રી રૂપેશ મોતીચંદ ખોના**નું નામ પ્રકાશિત કરેલ છે. જેને સુધારીને **શ્રી પરેશ મોતીચંદ ખોના** તરીકે વાંચવું થયેલ ક્ષતિ માટે ક્ષમસ્વ.

**- સંપાદક**

# ચાલીસગામ નગરે શ્રીપદ્મ પ્રભસ્વામી જિનાલયનો ૧૧૮ મો ધ્વજારોહણ અવસરે ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો









મહારાષ્ટ્રના ખાનદાન પ્રદેશના ચાલીસગામ નગરે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન ચાલીસગામના ઉપક્રમે ખાનદેશ રત્ના શ્રી ચાલીસગામ તીર્થોદ્ધારીકા પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ના માર્ગદર્શન તથા આશીર્વાદથી મૂળનાયક શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલયના ૧૧૮મા ધ્વજારોહણ પ્રસંગે તા. ૧૬ ફેબ્રુઆરી રવિવારથી તા.૧૮ ફેબ્રુઆરી મંગળવારના ત્રિહાન્હિકા મહોત્સવ ભવ્યતાથી આ વર્ષે ધ્વજાના લાભાર્થી



દાતા પરિવાર સ્વ.અ.સૌ.રેખાબેન લલિતભાઈ મોમાયા હસ્તે શાહ લલિતભાઈ લાલજી મોમાયા પરિવાર સાંયરા-ચાલીસગામ પરિવારના સહયોગથી સંપન્ન થયો. પ્રથમ દિવસે તા.૧૬ ફેબ્રુઆરી રવિવારે સવારે ૯ કલાકે શ્રી આદીનાથ પંચકલ્યાણક પૂજા લાભાર્થી શ્રી પદ્મપ્રભસ્વામી યુવા મંડળ ચાલીસગામના સહયોગથી. દ્વિતીય દિવસે તા.૧૭ ફેબ્રુઆરી સોમવારના સવારના ૯ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા લાભાર્થી સૌ.લોપા અંકુર મોતા પરિવાર સુથરી હસ્તે શ્રીમતી ચેતનાબેન દિલીપ ધરમશી સુથરી ચાલીસગામ તૃતીય દિવસ તા.૧૮ ફેબ્રુઆરી મંગળવારે સવારના ૮ કલાકે સત્તરભેદી પૂજા વચ્ચે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ધ્વજા ચઢાવવામાં આવી હતી. મુખ્ય ધ્વજા લાભાર્થી પરિવાર માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા પરિવાર કોઠારા, રંગમંડપ ધ્વજા લાભાર્થી પદ્મપ્રભ યુવા મંચ ચાલીસગામ. ગૌતમસ્વામી દેરી ધ્વજાના લાભાર્થી પરિવાર કુ.ભૂમિત્રા અજય પોલડીયા પરિવાર બાયઠ અને મહાકાલિ માતા દેરીના લાભાર્થી પરિવાર માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા પરિવાર કોઠારા બપોરના ૧૨ કલાકે શ્રી ચાલીસગામ સંઘ તરફથી સ્વામી વાત્સલય.

વિવિધ ચઢાવા કાર્યક્રમ દરમ્યાન લેવામાં આવ્યા હતા. ધ્વજારોહણ અવસરે વિધિ ધર્મ આરાધના માટે વિધિકાર શ્રેણીકભાઈ ગાલા મુંબઈ પોતાની મંડળી સાથે પધારયા હતા.

સર્વે લાભાર્થી પરિવારોની સંઘ દ્વારા અનુમોદના કરાઈ હતી.

# કિશોરભાઈએ સ્પાઈસીસ બોર્ડની મિટિંગમાં કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલનું સન્માન કર્યું





તા.૨૧ ફેબ્રુઆરી શુક્રવારના સ્પાઈસીસ બોર્ડની નેજા હેઠળ મિટિંગ યોજાઈ હતી. ઈપસ્ટા સ્પાઈસીસ બોર્ડના પેટા સંગઠન છે. મિટિંગમાં ઉપસ્થિત રહેલ કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલનું શાલ ઓઢાડીને સન્માન કિશોરભાઈ એ કર્યું. વળતી પ્રતિ ક્રિયામાં કેન્દ્રીય વાણિજ્ય મંત્રીએ સદ્‌ભાવનાના સંકેતરૂપે કિશોરભાઈની સ્પાઈસીસ બોર્ડમાં તેમની આજીવન સેવાઓની કદર રૂપે પોતાની શાલ કિશોરભાઈને ઓઢાડી સન્માનિત કર્યા હતા.

---

# પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયાંસકલાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૧૮મા વર્ષમાં પ્રવેશ કર્યો




કચ્છ સુથરી ગામના માવિત્ર માતુશ્રી કુંવરબાઈ વિશનજી મોતાના સદ્‌ગુણી અને ધર્મ સંસ્કારી પુત્રી વિક્રમ સંવત ૨૦૬૪ની મહાવદ ૧૧ તિથિ દિને ગુણોદય ધામ સોનગઢ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયાંસકલાશ્રીજી મ.સા. સ્વીકારી સંયમ જીવન પથ પર કષ્ટપૂર્ણ પ્રવાસનો પ્રારંભ કર્યો.

ધર્મ, ભક્તિ, તપ આરાધના કરતાં કરતાં દસ, પંદરને સોળ વર્ષ વળોટી વિક્રમ સંવત ૨૦૮૧ના મહાવદી ૧૧ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવના સતર વર્ષ પૂર્ણ કરી અઢારમાં વર્ષમાં ભવ્યતાથી પ્રવેશ કર્યો છે. ત્યારે ગુરૂભક્તો શુભકામના આપતા હૃદયના ભાવ વ્યક્ત કરે છે કે સંયમ જીવન પથ પર આજ પ્રમાણે તપ, ત્યાગ, સમર્પણ ભક્તિ અને આરાધના કરતાં કરતાં રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષની પાર સર્વોચ્ચ શિખર શતક વર્ષના સિધ્ધિ સિંહાસને બિરાજે. શત શત વંદના સાહેબજીને.

# કારંજા લાડ સંઘમાં ધ્વજારોહણ મહોત્સવ ધર્મ આરાધનાઓ કરી ભવ્યતાથી સંપન્ન થયો





તા.૧૯ ફેબ્રુઆરી બુધવારના વિક્રમ સંવત ૨૦૮૧ના મહાવદ સાતમ તિથિ દિને પ.પૂ.સાધ્વીશ્રી નંદીશેણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની પાવન નિશ્રામાં આનંદ અને ઉત્સાહ સાથે ધ્વજારોહણ મહોત્સવ વિવિધ ધર્મ આરાધનાઓ કરીને સંપન્ન થયો.







# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરીથી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૨૨ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાશિક રોડ સેવાભાવી જૈન સંઘ આયોજિત મહાબળેશ્વર પર્યટન |
| તા. ૨૩.૦૨.૨૦૨૫ | શ્રી ભલારા દાદા ભાવિક ગ્રુપ, મોટી વરંડી આયોજિત ૧૫ મી સમુહ પહેડી તથા વાર્ષિક સભા. કુકરેજા મીની હોલ, ભાડુંપ. લાભાર્થી સૌજન્ય : મા. ચંદનબેન દેવશી રતનશી લોડાયા તથા મા. દમયંતીબેન સોમચંદ ખીમજી લોડાયા, વરાડીયા. |
| તા. ૨૩.૦૨.૨૦૨૫ | સ્વ. હરીશભાઇ જયંતીલાલ લધાભાઈ મોમાયા (વાસી- બેંગ્લોર)ની પુણ્ય સ્મૃતિમાં પરીવાર તરફથી નવ નિર્મિત કચ્છ વરાડીયા બસ સ્ટેશનનું લોકાર્પણ. સવારે ૯.૩૦ ક. |
| તા. ૨૩.૦૨.૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ ધ્વારા આયોજિત શ્રી મહાકાળી માતાજીની ભાવના. રાત્રે ૮.૩૦ ક. થી. શ્રી વાસુપુજ્ય સ્વામી જિનાલય, ઝવેર રોડ, મુલુંડ. સૌજન્યઃ મા. ધનબાઈ રાયચંદ રતનશી કારાણી પરીવાર, સુથરી-મુલુંડ. |
| તા. ૨૪.૦૨.૨૦૨૫ | જામનગરમાં શ્રી ક.દ.ઓ. જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ અન્વયે વિવિધલક્ષી ભવનનું ભુમીપુજન તથા ખાતમુહુર્તઃ લાભાર્થીઓઃ ડો. બીપીન પુષ્પાબેન પાર્શ્વીર નાગડા, રંગપુર પરીવાર તથા મા. નવલબાઈ મણીલાલ દંડ પરીવાર |
| તા. ૨૮.૨.૨૫ થી તા. ૦૨.૩.૨૫ | સાંયરા તીર્થઃ ૧૪૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ |
| તા. ૦૧.૦૩.૨૦૨૫ | સાંયરા વિકાસ મંડળ આયોજિત સ્નેહમિલનઃ સાંયરામાં |
| તા. ૦૯.૦૩.૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આયોજિત કેડીઓ કલા કુંભ કાર્યક્રમ |
| તા. ૧૦.૦૩.૨૦૨૫ | વરાડીયામાં શ્રી વરાડીયા શ્રી ક.દ.ઓ.જૈન મહાજનનું નિર્માણાધીન નુતન અતિથિ ગૃહનું ભુમિ પુજન. |
| તા. ૧૭-૨૨ માર્ચ ૨૦૨૫ | શ્રી કે.ડી.ઓ. મીડ ટાઉન જૈન સંઘ આયોજિત ઉત્તર પ્રદેશના જૈન તીર્થોનો લકઝરી યાત્રા પ્રવાસ |
| તા. ૨૨.૦૩.૨૦૨૫ | શ્રી સમસ્ત શ્રી ક.દ.ઓ.સચ્ચાઇ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડીઃ આર. આર. સભાગૃહ, મહાડા કોલોની, મુલુંડ ઈસ્ટ. |
| તા. ૨૮.૦૩.૨૦૨૫ | શ્રી કે.ડી.ઓ. મીડ ટાઉન જૈન સંઘ આયોજિત મસાલા વિતરણ ઓર્ડર માટે અંતિમ દિવસ. |
| તા. ૩૦.૦૩.૨૫- ૦૨.૦૪.૨૫ | તેરામાં બિરાજમાન મોતા પરીવારના કુળદેવી શ્રી અંબાઈમાના ભુવા શ્રીનું ચયન તથા ૨૫મી સમુહ પહેડીઃ કચ્છ તેરા. |
| તા. ૦૧.૦૪.૨૫ થી ૦૨.૦૪.૨૫ | વરાડીયામાં શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ સંચાલિત ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિરોનું ધ્વજારોહણ મહોત્સવ.મુખ્ય લાભાર્થીઃ મા. હીરબાઇ રતનશી પાશવીર ડાઘા હ. નલીનભાઈ |
| તા. ૦૩.૦૪.૨૫ થી ૧૩.૦૪.૨૫ | સાંઘવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |
| તા. ૦૯/૧૦ એપ્રિલ ૨૦૨૫ | નલિયા ગામમાં બિરાજમાન ઘરમશી કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા પરીવારોની પહેડી તથા શ્રી પુડશા દાદાના ભુવા શ્રીની ગન્ધી બદલી કાર્યક્રમ |
| તા. ૧૦.૦૪.૨૫ થી ૧૨.૦૪.૨૫ | લાલપુરમાં શ્રી ભલારા દાદા દેવસ્થાને ધ્વજારોહણ સહિત ચૈત્રી મહોત્સવઃ ચૈત્ર સુદ તેરસથી પુનમ. |
| તા. ૧૨.૦૪.૨૫ | વારાપધરમાં બિરાજમાન શ્રી દાદા ભલારા દેવસ્થાનના ભોઇ માના બાના (ગંધી) બદલી પ્રસંગ. ચૈત્રી પુનમ. |
| તા. ૦૩.૦૫.૨૫ થી ૦૫.૦૫.૨૫ | શ્રી સુથરી તીર્થ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથજી જિનાલય ૧૮૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. |

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

Get your passes now for

# KDO KALA KUMBH 2025

Be part of the grand celebration!

ONLY FOR KDO'S




ONLY FOR KDO'S

GRAB YOUR PASSES FROM

## 1st MARCH 2025

| | | | |
|---|---|---|---|
| DOMBIVLI | Parul Dhrod +91 93237 67399 | Dhanvi Maisheri +91 75063 62097 | Sikha Dand +91 98207 27056 |
| THANE MULUND | Jainam Dand +91 91676 02937 | Prachi Mota +91 81043 23597 | Tuhin Goshar +91 82913 92024 |
| BHANDUP | Jimit Momaya +91 97738 01208 | Preet Lodaya +91 96647 95657 | Pooja Lodaya +91 79778 84741 |
| KANJURMARG | Sakshi Nagda +91 99696 26587 | Sagar Dagha +91 90042 24139 | Labdhi Lodaya +91 84220 37604 |
| GHATKOPAR | Leenaben Lodaya +91 86521 55585 | Sania Meisheri +91 83697 71584 | Sanyam Ajani +91 86522 36952 |
| WADALA AND MASJID | Ronil Maisheri +91 98691 84725 | NAVI MUMBAI | Chandniben Lalka +91 98332 25053 |
| WESTERN | Jhanvi Kuruwa +91 83698 19986 | Sahil Kuruwa +91 76668 02804 | Priyal Shah +91 90049 00225 |
| REST OF MUMBAI | Anokhi Dhulla +91 81048 58851 | Ronak Lapasiya +91 97021 58578 | Denil Momaya +91 97698 88776 |

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

**Shree K.D.O. Students Association**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

**Celebration of Talent & Togetherness**

**A Special spotlight of Creativity & Bonding**



# MOTHER AND CHILD FANCY DRESS COMPETITION

**Mom & Me - Double The Love, Double The Fun**

**SPECIAL ELEMENT**

**We're offering FREE STALLS for students to showcase their incredible talents**

- Visual art
- Literary arts
- Handicrafts & Traditional art
- Pottery
- Poetry writing
- Painting & Clay art
- Culinary art
- Paper craft art

**& Many more hidden arts of students**

**Venue**

Kalidas Open Ground
P. K. Road, Mulund (West),
Mumbai - 400 080

**For More Information Contact**

Prachi Mota +91 81043 23597
Preet Lodaya +91 96647 95657
Jainam Dand +91 91676 02937

KDO KALA KUMBH

Bade Sapne, Badi Udaan!

**Sunday, 9th March - 2025**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**નવીનચંદ્ર મોમાયા**
તા.૨૦ ફેબ્રુઆરી (ઉ.૭૭)
વરાડીયા-મસ્જિદ બંદર



**હિરાબાઈ લોડાયા**
તા.૨૦ ફેબ્રુઆરી (ઉ.૭૭)
વારાપધર-ભાડુંપ



**મધુરીબેન લોડાયા**
તા.૨૧ ફેબ્રુઆરી (ઉ.૮૪)
ચાલીસગામ-કોઠારા



**સરલાબેન છાટબાર (ખત્રી)**
તા.૨૨ ફેબ્રુઆરી (ઉ.૭૫) દહિસર
સ્વ.રતનબેન લાલજી પોલડીયા ડુમરાવાળાની પુત્રી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ખેતી અને પશુપાલન આધારિત અબડાસા તાલુકામાં જમીનને અનુરૂપ હોય એવું વાવેતર કરી ખેડૂતો દ્વારા અલગ અલગ પ્રયોગો કરાઈ રહ્યાં છે. હાલે ખેડૂતો દ્વારા અબડાસામાં ૧૨૦૦ એકરમાં સક્કરટેટીનું વાવેતર થયું છે. આ વાવેતર કોઠારા, ખીરસરા, ભાચુંડા, ભાનાડા, કનકપર, વરાડિયા, પરજાઉ, વાડાપધ્ધર, સાંધવ, રવ વિ. વિસ્તારોમાં છેલ્લાં ૧૫ વર્ષથી કરવામાં આવી રહ્યું છે. આ પાકનો ફાલ માર્ચ મહિનામાં ઉતરશે. એક એકરમાં પાંચ હજાર કિલોથી બાર હજાર કિલો જેટલી સક્કરટેટીનું ઉત્પાદન થાય છે. જે અમદાવાદ, રાજકોટ, જામનગર, વડોદરા, ભુજ, અંજાર, ગાંધીધામ વિગેરે વિસ્તારોમાં જાય છે.

● લગભગ ચાર દાયકાથી વધુ સમયથી ઉત્તર પ્રદેશ, હરિયાણાની બોર્ડરના વિસ્તારમાંથી જિલ્લામાં આવીને વસેલા તાળા ચાવી બનાવતા સરદારજીઓ હવે કચ્છવાસી બની ગયા છે. ભુજ, અંજાર, માંડવી, ગાંધીધામ, ભચાઉ સહિતના મુખ્ય શહેરોમાં વર્ષોથી ગલી કે બજારના ખૂણામાં આવી બનાવતાં અને રોજીરોટી મેળવે છે. વર્તમાન સમયમાં સમગ્ર કચ્છમાં ૧૫૦ જેટલા તાળા ચાવી બનાવનાર સરદારજી છે. માત્ર આદિપુર-ગાંધીધામ અને અંજારમાં ૩૬ સરદાર પરિવાર રહે છે.

● ૨૬૨ વર્ષ પહેલાં વિક્રમ સંવત ૧૮૧૯માં કચ્છ રાજ અને ગુલામશા ક્લેરો વચ્ચે ભીષણ યુધ્ધ થયું હતું. જે વિશ્વની ૨૧ મોટી લડાઈમાં સામેલ છે. લખપત તાલુકાના ઝારા ડુંગર પર થયેલ યુધ્ધમાં હજારોની સંખ્યામાં કચ્છી સપૂતો વીરગતિ પામ્યાં. ખાસ નોંધવા લાયક એ બાબત છે કે ક્ષત્રિય, રાજપૂત, જાડેજાઓની સાથોસાથ ૭૦૦ જેટલા બ્રાહ્મણવીરો પણ યુધ્ધમાં શહાદત વહોરી માભોમ કાજે બલિદાન આપ્યા. તેમના મુખ્ય નાયક એવા સારસ્વત બ્રાહ્મણ ગુંદિયાળીના જોષી મૂળજી લક્ષ્મીદાસ લાખાણીએ ઝારાની તળેટીમાં બલુચી સરદારને મારી ૧૩ ગજ ઘોડો ટપાવીને મહમદ મકરાણ પર ઘાત કર્યો હતો અને ત્રણ દિવસ શૌર્ય દાખવી વીરગતિ પામ્યા હતા. તેમના વંશજ પરિવાર હાલે મહારાષ્ટ્રના જાલના ખાતે રહે છે. દર માગસર સુદ ૧૧ના અચૂક શહીદવીર મૂળજી લાખાણીની દેરી પાસે આવી પરિવારજનો પૂજા અર્ચના પેડી કરી ધ્વજારોહણ કરે છે. કચ્છી લશ્કરને અનાજ પુરવઠો પહોંચવાની મહત્વની જવાબદારી લેતાં વીર વિજાધર જોષી બોધી એ પણ શહીદી વહોરી હતી. જેનો પાળિયો સિયોન-મુધાન રસ્તે ટેકરી પર મોજૂદ છે.

● કચ્છના કાંઠાળ વિસ્તારમાંથી પસાર થતાં વીજ રેષાઓ ખારાશને કારણે જીર્ણ થઈ જતાં હોવાથી ૪૫૦ થી વધુ ગ્રામીણ વિસ્તારમાં સાતત્ય પૂર્ણ વીજ પૂરવઠો આપવામાં પી.જી.વી.સી.એલ.ને હાલાકીનો સામનો કરવો પડે છે. કેન્દ્ર સરકારે ખાસ કિસ્સામાં વીજ માળખામાં મોટા પાયે બદલાવ લાવવાની યોજના મૂકી હોવાથી અંદાજે પાંચસો કરોડના ખર્ચની આર.ડી.એસ.એસ.ની કામગીરી શરૂ થતાં ૨૫૦૦ કિ.મી. મીટરના કોટિંગ કરાયેલા વીજ વાયરો લગાડવામાં આવી રહ્યાં છે. તો ૧૯૦૦ ટ્રાન્સફોર્મર ભારે ક્ષમતાવાળા સ્થાન લઈ રહ્યાં છે. ભુજ-અંજાર સર્કલ હેઠળ ૩૭૮ કિલો મીટરના રેષા બદલી નખાયા છે.

● લખપત તાલુકાના દરિયાઈ ક્ષેત્રમાં લક્કી નાળા ખાતે પ્રવાસને વેગ આપવા બોટ રાઈડ ચાલુ કરાઈ હતી. જેને લીધે મોટી સંખ્યામાં લોકો નારાયણ સરોવર, અભયારણ્ય લખપત અને ખાસ કરીને રણોત્સવ માટે આવતા પ્રવાસીઓ મોટી સંખ્યામાં અહીં આવવાનું શરૂ થયા હતા. સરકાર દ્વારા પણ પ્રવાસન સ્થળ બને તે માટે કરોડો રૂપિયા મંજૂર કરાયા હતા. પરંતુ વાવાઝોડા પછીથી લક્કી નાળા પ્રવાસન સ્થળ છ મહિનાથી બંધ હોતા દૂરથી આવતા પ્રવાસીઓ કલાકોની મુસાફરી કર્યા પછી નિરાશ થઈ પાછા ફરતા હોવાની ફરિયાદ ઊઠી છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA